# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

જિલ્લા સેવા સદન-૨,એ બ્લોક ત્રીજો માળ,અઠવાલાઈન્સ, સુરત

Phone No: (0261) 2662903, Fax No: 2662902, Email Id:suratdeo@gmail.com

ક્રમાંક:-RMSA/કલા ઉત્સવ/૨૦૨૫/9074-81 તા.૨૨/૦૭/૨૦૨૫

પ્રતિ,

આચાર્યશ્રી,

સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા,તમામ,

(RMSA, KGBB, ગ્રાન્ટેડ,મોડેલ,ખાનગી)

જિ.સુરત

વિષય:-કલા ઉત્સવ-૨૦૨૫-૨૬ જિલ્લા કક્ષાની સ્પર્ધાની એંટ્રી મોકલી આપવા બાબત.

સંદર્ભ:- સચિવશ્રી SPO,એસએસ,ગાંધીનગરના પત્ર ક્રમાંક: એસએસ/QEM/કલા ઉત્સવ/૨૦૨૫/૩૮૭૦૫-૭૯૫ તા.૧૯/૦૭/૨૦૨૫

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે,કલા ઉત્સવ-૨૦૨૫-૨૬ જિલ્લા કક્ષાએ નીચે મુજબની કલા ઉત્સવના ક્ષેત્રો છે. તો નીચેમુજબ સ્પર્ધા અને કેટેગરી પ્રમાણે શાળાઓએ એન્ટ્રી મોકલી આપવી.

**કલા ઉત્સવ (જિલ્લા/ઝોન/રાજય કક્ષા) : કેટેગરી/ વિભાગ પ્રમાણેની વિગતો :**

| ક્રમ | સ્પર્ધાનું નામ | વ્યક્તિગત /ટીમ (SOLO/TEAM) | પ્રકાર |
|---|---|---|---|
| ૧ | કંઠ્ય સંગીત ગાયન | વ્યક્તિગત(SOLO) | શાસ્ત્રીય/અર્ધ શાસ્ત્રીય (Classical/Semi Classical) |
| ૨ | કંઠ્ય સંગીત ગાયન ટીમ | વધુમાં વધુ કુલ ચાર બાળકો (TEAM) | લોકગીત /ભક્તિગીત /દેશભક્તિગીત/સુગમ સંગીત (Folk group/Devotional group/Patriotic group//Light Music) |
| 3 | સ્વર વાદ્ય સંગીત વાદન | વ્યક્તિગત(SOLO) | શાસ્ત્રીય/અર્ધ શાસ્ત્રીય (તંતુ/હવા દ્વારા સ્વર વાદ્) (Classical/Semi Classical String/Wind(Melodic Instrument) |
| ૪ | તાલ વાદ્ય સંગીત વાદન | વ્યક્તિગત (SOLO) | શાસ્ત્રીય/અર્ધ શાસ્ત્રીય (Classical/Semi Classical |
| ૫ | વાદ્ય સંગીત વાદન | વધુમાં વધુ કુલ કુલ ચાર બાળકો (TEAM) | લોકસંગીત/શાસ્ત્રીય (Folk/Classical) |
| ૬ | નૃત્ય | વ્યક્તિગત(SOLO) | શાસ્ત્રીય |
| ૭ | નૃત્ય ટીમ | વધુમાં વધુ કુલ ચાર બાળકો (TEAM) | ક્ષેત્રીય સ્થાનિક લોકનૃત્ય/આદિજાતિ સ્થાનિક લોકનૃત્ય.<br>સમકાલીન નૃત્ય નિર્દેશન (બિન-ફિલ્મી) |
| ૮ | નાટક ટીમ | વધુમાં વધુ કુલ ચાર બાળકો (TEAM) | લઘુ નાટક/રોલ પ્લે/મિમિક્રી/માઈમ |

| | | | |
|---|---|---|---|
| ૯ | દ્રશ્ય કલા | વ્યક્તિગત(SOLO) | 2D Art (ચિત્રકલા, રેખાચિત્ર,છાપકામ, વ્યંગચિત્ર |
| ૧૦ | દ્રશ્ય કલા | વ્યક્તિગત(SOLO) | 3D Art (મૂર્તિકલા) |
| ૧૧ | દ્રશ્ય કલા ટીમ | વધુમાં વધુ કુલ બે બાળકો (TEAM) | 2D ART /3D ART દેશી રમકડાં અથવા રમત/સ્થાનિક શિલ્પ |
| ૧૨ | પરંપરાગત વાર્તા વાંચન | વધુમાં વધુ કુલ બે બાળકો (TEAM) | આ વાર્તા વાંચનમાં કોઈ એક કલા અથવા એક થી વધુ કલાઓ નૃત્ય, સંગીત, દ્રશ્ય અથવા નાટકનો ઉપયોગ કરી શકે છે. |

જિલ્લા કક્ષાની સ્પર્ધાનું આયોજન ગંગાધરા હાઈસ્કૂલ,ગંગાધરા તા-પલસાણા,જિ-સુરત તા-૦૭/૦૮/૨૦૨૫ ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે થવાનું હોય ઉપરોક્ત સંદર્ભદર્શિત પત્રનો આપની કક્ષાએથી સંપૂર્ણ અભ્યાસ કરી સુચના અનુસાર ઉકત સ્પર્ધાના નામની એન્ટ્રી જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં RMSA/વોકેશનલ શાખામાં જોષી જીતેન્દ્રભાઈને રૂબરૂ હાર્ડકોપીમાં અને સોફ્ટકોપી (FONTS - TIMES NEW ROMAN – CAPITAL LETTER અંગ્રેજીમાં) deosurat@gmai.com પર ઈ-મેઈલ પર નમુના મુજબ જ તા- ૩૧/૦૭/૨૦૨૫ સુધીમાં મોકલી આપવી.

બિડાણ:- (૧) સંદર્ભદર્શિત પત્ર
(૨) એન્ટ્રી મોકલવાનો નમુનો

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિલ્લો-સુરત

સવિનય નકલ રવાના જાણ સારૂ:-

(૧) પ્રતિ,સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી,સમગ્ર શિક્ષા, સમગ્ર શિક્ષાની કચેરી,સેક્ટર-૧૭, ગાંધીનગર
(૨) માનનીય પ્રાચાર્યશ્રી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરત
(૩) જિલ્લા રમત ગમત અધિકારીશ્રી,સુરત

નકલ રવાના જાણ અને કાર્યવાહી અર્થે :-

(૧) પ્રતિ આચાર્યશ્રી, ગંગાધરા હાઈસ્કૂલ,ગંગાધરા તા-પલસાણા,જિ-સુરત
(સુચારુ વ્યવસ્થા અને આયોજન કરવા સારૂં)

નકલ રવાના જાણ:-

(૧) એકાઉન્ટ ઓફીસરશ્રી / T.T શ્રી સમગ્ર શિક્ષા,સમગ્ર શિક્ષાની કચેરી,નાનપુરા – સુરત તથા SMC, સમગ્ર શિક્ષાની કચેરી,સુરત (સંદર્ભ દર્શિત પત્ર અનુસાર તમામ OIC)
(૨) નોડલ ઓફિસરશ્રી,એજ્યુકેશન ઇન્સ્પેક્ટર (EI) તમામ, જિલ્લા શિક્ષણાધીકારી કચેરી, સુરત
(૩) પ્રતિ BRC / URC / BRP/ CRC (શાળાઓને જાણ કરવાં સારૂં)

## સમગ્ર શિક્ષા,સુરત

## કલા ઉત્સવ-૨૦૨૫ માં ભાગ લીધેલ વિદ્યાર્થીઓનું માહિતીપત્રક નો નમુનો

| ક્રમ | ઇવેન્ટનું નામ | વિદ્યાર્થીનું નામ | કુમાર/કન્યા/GROUP | શાળાનું નામ | જવાબદાર વ્યક્તિનો મોબાઈલ નં | વિદ્યાર્થીનો BANK ACCOUNT NO. | IFSC CODE | Bank name |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | | | | | | | | |
| 2 | | | | | | | | |
| 3 | | | | | | | | |
| | | | | | | | | |

ખાસ નોંધ:- શાળામાં જે સ્પર્ધક વિદ્યાર્થીએ ભાગ લીધેલ છે તેનો જ BANK ACCOUNT NO. મોકલવો કોઈવાલી કે ટીચરનો ચાલશે નહિ. અને ઇવેન્ટનું નામ સાથે ઉપરોક્ત તમામ માહિતી ભરવી.

District Education Office,
Surat, Dist. SURAT.

NIPUN BHARAT
સમગ્ર શિક્ષા
Samagra Shiksha
ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેકટ ઓફિસ, સમગ્ર શિક્ષા
સેકટર–૧૯, ગાંધીનગર
વેબસાઈટ:www.ssagujarat.org
ઈ–મેલ:qem-gcscss@gujarat.gov.in

પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

**પત્રકમાંક : એસએસ/QEM/કલા ઉત્સવ/૨૦૨૫/૩૯૭૦૫–૭૯૫** તા.૨૪/૦૭/૨૦૨૫

**પ્રતિ,**

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા તમામ
- જિલ્લા પ્રોજેકટ કો–ઓર્ડિનેટર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,સમગ્ર શિક્ષા, જિલ્લા : તમામ.
- એડી. જિલ્લા પ્રોજેકટ કો–ઓર્ડિનેટર અને શાસનાધિકારીશ્રી, અમદાવાદ,રાજકોટ,વડોદરા,સુરત

**વિષય : કલા ઉત્સવ ૨૦૨૫–૨૬ના આયોજન અંગે.**
**સંદર્ભ : (૧) કલા ઉત્સવ ૨૦૨૫–૨૬ ની ગાઈડ લાઈન**
**(૨) નોંધ ઉપર માન.એસપીડીશ્રીની મંજૂરી અન્વયે**

આપશ્રી સુવિદિત છો કે ધોરણ ૯ થી ધોરણ ૧૨ ની તમામ પ્રકારની શાળાઓના બાળકો માટે દર વર્ષે કલા ઉત્સવનું આયોજન NCERT ન્યુ દિલ્હી ધ્વારા જે તે વર્ષે નિયત કરેલ શ્રેણી માટે તે અંગેની માર્ગદર્શિકા/ગાઈડ લાઈન તથા તેમના માર્ગદર્શન મુજબ રાજય ધ્વારા આયોજિત કરવામાં આવે છે.

ગુજરાતમાં દર વર્ષે રાજયકક્ષાએથી કલા ઉત્સવનું આયોજન જિલ્લા, ઝોન અને રાજય કક્ષા એમ ૩ તબકકામાં યોજવામાં આવે છે.

ગત વર્ષે જિલ્લા, ઝોન અને રાજયકક્ષાનો કલા ઉત્સવ જે તે સ્તરે ઓફલાઈન મોડથી આયોજિત કરવામાં આવેલ હતો. જયારે નેશનલ કક્ષાનો કલા ઉત્સવ ભોપાલ–મધ્ય પ્રદેશ ખાતે યોજવામાં આવેલ હતો. નેશનલ કક્ષાના કલા ઉત્સવમાં ગુજરાતમાંથી ૧૫ બાળકોએ ભાગ લીધેલ હતો.જેમાં દ્રશ્યકલા ( ૩ D આર્ટ)માં વલસાડ જિલ્લાની કન્યા ત્રીજા નંબરે વિજેતા બનેલ હતી.નેશનલ કક્ષાનના કલા ઉત્સવમાં ભાગ લીધેલ તમામ સ્પર્ધકો તેમજ વિજેતાને ખૂબ ખૂબ અભિનંદન.

કલા ઉત્સવ વર્ષ : ૨૦૨૫–૨૬ ના આયોજન સંદર્ભે NCERT ધ્વારા પ્રસિધ્ધ થયેલ ગાઈડ લાઈન વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી મેળવેલ છે. ગાઈડ લાઈનની વિગતો જોતાં, કલા ઉત્સવ–૨૦૨૫–૨૬માં ગત વર્ષના કલા ઉત્સવની ૦૬ એકટીવીટીમાં ફેરફાર કરી ૧૨ એકટીવીટી કરવામાં આવેલ છે. જેથી આ વર્ષની સુધારેલ ગાઈડ લાઈનની વિગતો અનુસાર આ વર્ષના કલા ઉત્સવનું ૧૨ એકટીવીટી મુજબ આયોજન કરવાનું થાય છે. આ વર્ષની કલા ઉત્સવની થીમ "વિકસિત ભારત"વર્ષ ૨૦૪૭ ના ભારતની પરિકલ્પના" છે.

કલા ઉત્સવના આયોજન સંદર્ભે યોજાયેલ વીડિયો કોન્ફરન્સમાં મળેલ સૂચના તેમજ NCERT, ન્યુ દિલ્હીની વેબસાઈટ પરથી ઉપલબ્ધ થયેલ કલા ઉત્સવ વર્ષ : ૨૦૨૫–૨૬ની ગાઈડ લાઈન અનુસાર ચાલુ વર્ષે કલા ઉત્સવનું આયોજન જિલ્લા, ઝોન અને રાજયકક્ષા એમ ૩ તબકકામાં કરવામાં આવનાર છે.

કલા ઉત્સવ–૨૦૨૫–૨૬ નું સમગ્ર આયોજન NCERT, ન્યુ દિલ્હી ધ્વારા મળેલ ગાઈડ લાઈન આધારે કરવાનું થાય છે જે માટે જિલ્લાઓને તે ગાઈડ લાઈન આધારે ઉપર દર્શાવેલ વિગતોમાંથી જરૂરી વિગતો તથા નીચે મુજબની વિગતો સમાવિષ્ટ કરીને જિલ્લાઓને જિલ્લાકક્ષા, ઝોનકક્ષા, રાજયકક્ષાના કલા ઉત્સવનું આયોજન કરવાનું થાય છે.

**કલા ઉત્સવ–૨૦૨૫–૨૬ :**

કલા ઉત્સવ શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ (DES&L), શિક્ષણ મંત્રાલય (MoE) દ્વારા વર્ષ : ૨૦૧૫ માં શરૂ કરવામાં આવેલ મુખ્ય કાર્યક્રમ છે. કલા ઉત્સવનો ઉદ્દેશ્ય (ધો.૯ થી ૧૨)માધ્યમિક સ્તરના વિદ્યાર્થીઓમાં રહેલી વિવિધ કળાઓને લગતી પ્રતિભાને પ્રોત્સાહન આપવા અને તેઓમાં રહેલા કૌશલ્યોનું પ્રદર્શન કરવાનો છે. શાળા, જિલ્લા, રાજય અને રાષ્ટ્રીય સ્તરે યોજાતા કલા ઉત્સવનું આયોજન વિદ્યાર્થીઓને ભારતીય કલા અને સંસ્કૃતિમાં રહેલ વિવિધતાઓને સમજવા અને તેને ઉત્સવના રૂપમાં મનાવવા માટેનું મંચ પુરૂ પાડે છે.

કલા ઉત્સવનું આયોજન માત્ર એક ગતિવિધિ સ્વરૂપે ન રહેતા વિદ્યાર્થીઓમા રહેલી વિવિધ કલાઓની પ્રતિભાને ઓળખવા, શોધવા, સમજવા, અભ્યાસ કરવા, વિકસાવવા અને પ્રદર્શિત કરવાની વ્યાપક પ્રક્રિયા છે. આ ઉત્સવમાં સ્પર્ધક પોતાની સાંસ્કૃતિક પરંપરાઓના વિવિધ સ્વરૂપો પ્રદર્શિત કરવાનો આનંદ મેળવવાની સાથે એક ભારત શ્રેષ્ઠ ભારત પહેલની સાર્થકતામાં યોગદાન આપે છે. આવી રીતે કલા ઉત્સવ વિદ્યાર્થીઓમાં રહેલી કલાત્મક પ્રતિભાને પોષણ આપે છે, તેઓની સંસ્કૃતિને સમજવા પ્રોત્સાહિત કરે છે અને ભારતની સાંસ્કૃતિક પરંપરાઓ વિદ્યાર્થીઓમાં પ્રચલિત કરવા મહત્વની ભૂમિકા ભજવે છે. તે ઉપરાંત શાળાઓની સાથે કલાકારો, શિલ્પકારો અને સાંસ્કૃતિક સંસ્થાઓને જોડવા સહાયરૂપ બને છે.

કલા ઉત્સવની પરિકલ્પના સમાજના દરેક વર્ગોને મુખ્ય ધારામાં સાથે લાવી અને તેઓની પ્રતિભાઓ અને ક્ષમતાઓના પ્રદર્શન માટે એક સમાન મંચના રૂપમાં એક સંપૂર્ણ તક પૂરી પાડે છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) ૨૦૨૦ પણ શિક્ષણના માધ્યમથી કલા અને સંસ્કૃતિને જોડવા પર ભાર મૂકે છે. પરંપરાગત લોક કલા અને શાસ્ત્રીય કલા સ્વરૂપો પર ધ્યાન કેન્દ્રિત કરવાની સાથે કલા ઉત્સવ–૨૦૨૫ નવીન કલા સ્વરૂપોના ક્ષેત્રમાં એક નવી વિચારધારાનું સર્જન અને વિકાસ પણ કરશે. વિવિધ કલાત્મક અભિવ્યકિતઓની વિશિષ્ટતાને પ્રકાશિત કરતી અને ભારતના સમૃધ્ધ, ગતિશીલ અને વૈવિધ્યસભર વારસાને સમૃધ્ધ, ગતિશીલ અને પ્રતિબિંબિત છ વ્યાપક કલા સ્વરૂપોમાં ૧૨ શ્રેણીઓમાં ભાગ લેવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવે છે.

ચાલુ વર્ષે સ્પર્ધાઓની સંખ્યા ૦૬ થી વધારીને ૧૨ સ્પર્ધાઓ કરવામાં આવી છે.જેથી સમુહ અને એકલ સહભાગીઓ તેમજ કુમાર અને કન્યા વિદ્યાર્થીઓ માટે સમાન ભાગીદારીની તક ઉભી કરી શકાય.જેમાં ગાયન સંગીત, વાદ્ય સંગીત, નૃત્ય અને દશ્ય કલામાં સમૂહ અને એકલ બન્ને પ્રકારની સ્પર્ધાઓ હશે. જયારે થિયેટર અને પરંપરાગત વાર્તામાં ફકત સમૂહ સ્પર્ધા થશે.

ચાલુ વર્ષે કલા ઉત્સવ માર્ગદર્શિકામાં નેશનલકક્ષાના કલા ઉત્સવમાં ભાગ લેનાર બાળકો પૈકી દરેક શ્રેણીમાં પ્રથમ, બીજા અને ત્રીજા ક્રમે વિજેતા થનાર બાળકોને રોકડ પુરસ્કાર, ટ્રોફી અને પ્રમાણપત્ર આપવામાં આવનાર છે. રાજયો, કેન્દ્રશાસિત પ્રદેશો, કેન્દ્રિય વિદ્યાલય સંગઠન(KVS), નવોદય વિદ્યાલય સમિતિ (NVS) EMRS આ છ કેટેગરીઓમાંથી કોઈપણ એક પેટા કેટેગરીમાં ભાગ લેશે. ચાલુ વર્ષે કલા ઉત્સવ "વિકસિત ભારત "વર્ષ–૨૦૪૭ના ભારતની પરિકલ્પના થીમ અંતર્ગત યોજાશે.

**કલા ઉત્સવના ક્ષેત્રો :**

(૧) કંઠ્ય સંગીત ગાયન(SOLO) (૨) કંઠ્ય સંગીત ગાયન ટીમ(TEAM)
(૩) સ્વર વાદ્ય સંગીત વાદન (SOLO) (૪) તાલ વાદ્ય સંગીત વાદન (SOLO)
(૫) વાદ્ય સંગીત વાદન ટીમ(TEAM) (૬) નૃત્ય(SOLO) (૭) નૃત્ય ટીમ(TEAM)
(૮) થિયેટર/નાટક ટીમ(TEAM) (૯) દ્રશ્ય કલા-2 D Art (SOLO) (૧૦) દ્રશ્ય કલા- 3 D Art (SOLO)
(૧૧) દ્રશ્ય કલા ટીમ(TEAM) ( 2 D Art/3 D Art , દેશી રમકડાં અથવા રમત/સ્થાનિક શિલ્પ )
(૧૨) પરંપરાગત વાર્તા વાંચન ટીમ(TEAM)

**કલા ઉત્સવ (જિલ્લા/ઝોન/રાજય કક્ષા) : કેટેગરી/ વિભાગ પ્રમાણેની વિગતો :**

| ક્રમ | સ્પર્ધાનું નામ | વ્યક્તિગત /ટીમ (SOLO/TEAM) | પ્રકાર |
|---|---|---|---|
| 1 | કંઠ્ય સંગીત ગાયન | વ્યક્તિગત(SOLO) | શાસ્ત્રીય/અર્ધ શાસ્ત્રીય (Classical/Semi Classical) |
| 2 | કંઠ્ય સંગીત ગાયન ટીમ | વધુમાં વધુ કુલ ચાર બાળકો (TEAM) | લોકગીત /ભક્તિગીત /દેશભક્તિગીત /સુગમ સંગીત (Folk group/Devotional group/Patriotic group//Light Music) |
| 3 | સ્વર વાદ્ય સંગીત વાદન | વ્યક્તિગત(SOLO) | શાસ્ત્રીય/અર્ધ શાસ્ત્રીય (તંતુ/હવા દ્વારા સ્વર વાદ્) (Classical/Semi Classical String/Wind(Melodic Instrument) |

| | | | |
|---|---|---|---|
| 4 | તાલ વાદ્ય સંગીત વાદન | વ્યક્તિગત (SOLO) | શાસ્ત્રીય/અર્ધ શાસ્ત્રીય (Classical/Semi Classical |
| 5 | વાદ્ય સંગીત વાદન | વધુમાં વધુ કુલ કુલ ચાર બાળકો (TEAM) | લોકસંગીત/શાસ્ત્રીય (Folk/Classical) |
| 6 | નૃત્ય | વ્યક્તિગત(SOLO) | શાસ્ત્રીય |
| 7 | નૃત્ય ટીમ | વધુમાં વધુ કુલ ચાર બાળકો (TEAM) | ક્ષેત્રીય સ્થાનિક લોકનૃત્ય/આદિજાતિ સ્થાનિક લોકનૃત્ય, સમકાલીન નૃત્ય નિર્દેશન (બિન-ફિલ્મી) |
| 8 | નાટક ટીમ | વધુમાં વધુ કુલ ચાર બાળકો (TEAM) | લઘુ નાટક/રોલ પ્લે/મિમિક્રી/માઈમ |
| 9 | દ્રશ્ય કલા | વ્યક્તિગત(SOLO) | 2 D Art (ચિત્રકલા, રેખાચિત્ર,છાપકામ , વ્યંગચિત્ર |
| 10 | દ્રશ્ય કલા | વ્યક્તિગત(SOLO) | 3 D Art (મૂર્તિકલા) |
| 11 | દ્રશ્ય કલા ટીમ | વધુમાં વધુ કુલ બે બાળકો (TEAM) | 2 D Art/3 D Art દેશી રમકડાં અથવા રમત/સ્થાનિક શિલ્પ |
| 12 | પરંપરાગત વાર્તા વાંચન | વધુમાં વધુ કુલ બે બાળકો (TEAM) | આ વાર્તા વાંચનમાં કોઈ એક કલા અથવા એક થી વધુ કલાઓ નૃત્ય, સંગીત,દ્રશ્ય અથવા નાટકનો ઉપયોગ કરી શકે છે. |

**ખાસ નોંધ :**

(૧) ઉકત ક્રમ–(૧) થી ક્રમ–(૧૨)ની સ્પર્ધાઓ પૈકી પ્રત્યેક કેટેગરીમાં એકલ [(૧ વિદ્યાર્થી(કુમાર/કન્યા)] અથવા ગ્રુપ [( જે તે સ્પર્ધા માટે નિયત કરેલ વિદ્યાર્થી સંખ્યા(કુમાર/કન્યા )] ભાગ લઈ શકશે.

(૨) ૧૨ સ્પર્ધાઓ પૈકી કોઈએક સ્પર્ધામાં એકલ અથવા ગ્રુપમાં ભાગ લીધેલ વિદ્યાર્થી(કુમાર/કન્યા) તે સિવાયની અન્ય કોઈ કેટેગરીની સ્પર્ધામાં ભાગ લઈ શકશે નહી.

(૩) અગાઉના નેશનલકક્ષાના કલા ઉત્સવમાં વિજેતા(પ્રથમ,બીજા, ત્રીજા)થયેલ વિદ્યાર્થી આ વર્ષ–૨૦૨૫ના કલા ઉત્સવમાં ભાગ લઈ શકશે નહી.જેને ધ્યાને લેતાં જિલ્લા, ઝોન અને રાજયકક્ષાના કલા ઉત્સવમાં પણ આ જોગવાઈનું પાલન કરવાનું રહેશે.

(૪) છેલ્લા ૨ વર્ષ (વર્ષ–૨૦૨૩ અને વર્ષ–૨૦૨૪)ના નેશનલકક્ષાના કલા ઉત્સવના વિજેતા(પ્રથમ,બીજા, ત્રીજા)થયેલ વિદ્યાર્થીની શાળામાંથી તે જ કેટેગરીમાં શાળાનો અન્ય કોઈ વિદ્યાર્થી ભાગ લઈ શકશે નહી.(એટલે કે વિજેતા થયેલ કેટેગરી સિવાયની કેટેગરીમાં ભાગ લઈ શકશે)

ઉકત બાબતોને ધ્યાનમાં લઈ કલા ઉત્સવ ૨૦૨૫–૨૬ નું આયોજન નીચે મુજબ કરવામાં આવનાર છે. જેમાં જિલ્લાની સરકારી, સરકારી ગ્રાન્ટેડ અને ખાનગી(નોન ગ્રાન્ટેડ)શાળાના ૯ થી ૧૨ ના વર્ગના વિદ્યાર્થીઓને સહભાગી કરવાના છે.(દિવ્યાંગ /જરૂરિયાતવાળા બાળકોનો પણ સમાવેશ કરવો.)

**ખાસ નોંધ : ચાલુ વર્ષના નેશનલ લેવલના કલાઉત્સવમાં અગાઉના વર્ષના કલા ઉત્સવ(પહેલો, બીજો, ત્રીજો નંબર)વિજેતાને સામેલ કરવાના નથી. તથા છેલ્લા ૨ વર્ષ (વર્ષ–૨૦૨૩ અને વર્ષ–૨૦૨૪)ના નેશનલકક્ષાના કલા ઉત્સવના વિજેતા(પ્રથમ,બીજા, ત્રીજા)થયેલ વિદ્યાર્થીની શાળામાંથી તે જ કેટેગરીમાં શાળાનો અન્ય કોઈ વિદ્યાર્થી ભાગ લઈ શકશે નહી.(એટલે કે વિજેતા થયેલ કેટેગરી સિવાયની કેટેગરીમાં ભાગ લઈ શકશે) તે જોતાં જિલ્લા, ઝોન અને રાજય કક્ષાના કલા ઉત્સવમાં પણ આ સ્પર્ધકોને સામેલ કરવાના ન હોઈ, તેની ચકાસણી જિલ્લા કક્ષાએ કરવી.**

રાજય કક્ષાના કલાઉત્સવના વિજેતા સ્પર્ધકોના પ્રદર્શનનો વિડીયો નેશનલકક્ષાના કલા ઉત્સવ માટે સબમીટ કરવાનો રહેશે.તેને ધ્યાને લેતાં જિલ્લા/ઝોનકક્ષાના કલા ઉત્સવમાં પણ વિજેતા સ્પર્ધકનો વિડીયો મોકલવાનો રહેશ. જેમાં વિઝ્યુઅલ આર્ટ(2 D, 3 D, સ્થાનિક હસ્તકલા અને સ્વદેશી રમકડાં અને રમતો)માં, સ્પર્ધાના ફોટોગ્રાફ પણ વિડીયો સાથે હોવા જોઈએ. વિડીયોનો સમયગાળો ૪ મિનીટથી વધુ ન હોવો જોઈએ. જેમાં કલા ઉત્સવ પૃષ્ઠભૂમિ કાર્યક્રમના નામ, તારીખ અને સ્થળ સાથે બધી સ્પર્ધા સ્થળોએ પ્રદર્શિત કરવા જેથી વિડીયોમાં તેની દશ્યતા સુનિશ્ચિત થાય.

કલા ઉત્સવ ૨૦૨૫–૨૬ ના આયોજનના તબકકા :

કલા ઉત્સવ ૨૦૨૫–૨૬ ના આયોજનના તબકકા (જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે આવેલ એન્ટ્રીના સ્પર્ધકો)

(૧) પ્રથમ તબકકો – જિલ્લા કક્ષાની સ્પર્ધા (જિલ્લા કક્ષાની સ્પર્ધાના જે તે વિભાગના પ્રથમ ક્રમના વિજેતા/સ્પર્ધક)

(૨) બીજો તબકકો – ઝોન કક્ષાની સ્પર્ધા (જિલ્લા કક્ષાની સ્પર્ધાના જે તે વિભાગના પ્રથમ ક્રમના વિજેતા/સ્પર્ધક)

(૩) ત્રીજો તબકકો – રાજય કક્ષાની સ્પર્ધા (ઝોન કક્ષાની સ્પર્ધાના જે તે વિભાગના પ્રથમ ક્રમના વિજેતા/સ્પર્ધક)

રાજયકક્ષાએ વિજેતા થયેલ સ્પર્ધકો/શાળાને નેશનલ લેવલના ઓફલાઈન કલા ઉત્સવમાં ભાગ લેવા આયોજન મુજબ મોકલવાના થાય.

કલા ઉત્સવ કાર્યક્રમનું અમલીકરણ નીચે મુજબ કરવાનું રહેશે.

**કાર્યક્રમનું અમલીકરણ :**

(૧) જિલ્લાકક્ષા, ઝોનકક્ષા અને રાજયકક્ષાનો કલા ઉત્સવ ઓફ લાઈન મોડથી કરવામાં આવનાર છે.

(૨) જે તે કક્ષાના કલા ઉત્સવમાં ભાગ લેવા માટેના સભ્યો/શાળાઓને તેમની સ્પર્ધકોની એન્ટ્રી નિયત સમયગાળામાં જે તે સ્તરના જિલ્લાને મોકલવાની રહેશે.

ઉકત તમામ સ્પર્ધાઓમાં રાજયની ધો ૯ થી ૧૨ ધરાવતી તમામ સરકારી માધ્યમિક શાળાઓ, કેજીબીવી, મોડેલ ડે સ્કુલ, મોડેલ સ્કુલ, ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળાઓને ડીઈઓ/ડીપીસી મારફતે સત્વરે જાણ કરવાની રહેશે.

વધુમાં શિક્ષકો ધ્વારા પોતાની શાળાના બાળકો પૈકી ઉકત ઈન્વેન્ટમાં સામેલ થવા પ્રોત્સાહિત કરવા પ્રતિ શિક્ષકે અંદાજે ૧૦ બાળકો/વાલીઓનો ફોનથી સંપર્ક કરી શકશે. ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં પ્રાથમિક શાળાના શિક્ષકો, બીઆરસી/સીઆરસી/બીઆરપી ધ્વારા સપંર્ક કરીને આ સંદર્ભે મદદ કરવાની રહેશે.

જિલ્લા અને ઝોનકક્ષાની સ્પર્ધા માટે નોડલ ઓફિસર તરીકે એજયુકેશન ઈન્સ્પેકટર(EI), ડીઈઓ કચેરી તથા જે જિલ્લામાં આસિ. કો.ઓ. સેકન્ડરી હોય ત્યાં તે તથા તે જિલ્લાની સમગ્ર શિક્ષા કચેરીના મદદનીશ જિલ્લા કો.ઓર્ડિનેટર–કવોલિટી એજયુકેશન એન્ડ મોનીટરીંગ(ટીટી)સંયુકત રીતે સબ નોડલ ઓફિસર તરીકે રહેશે. તેમજ કલા ઉત્સવની તમામ કામગીરી આસિ.કો.ઓ. સેકન્ડરીએ કરવાની રહેશે. જે જિલ્લામાં આ જગ્યા ભરાયેલ નથી જિલ્લા સમગ્ર શિક્ષા કચેરીના મદદનીશ જિલ્લા કો.ઓર્ડિનેટર–કવોલિટી એજયુકેશન એન્ડ મોનીટરીંગ (ટીટી) રહેશે.

**જિલ્લા/ઝોન કક્ષાનીસમગ્ર સ્પર્ધાના સુચારુ અમલીકરણ નીચે દર્શાવેલ કમિટી રહેશે.**

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(કન્વીનર) (૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી (૩) પ્રાચાર્યશ્રી, ડાયટ

(૪) જિલ્લા રમત ગમત અધિકારીશ્રી

જિલ્લા અને ઝોન કક્ષાની સ્પર્ધામાં જે તે લેવલે આવેલ એન્ટ્રીની સંપૂર્ણ ચકાસણી અને સ્પર્ધા સંબંધિત તમામ પૂર્વ તૈયારી જે તે સ્તરના નોડલ ઓફિસર અને સહનોડલ ઓફિસરના માર્ગદર્શન નીચે મુજબની સમિતિએ કરવાની રહેશે.

| જિલ્લા ઓઆઈસી | સ્પર્ધા |
|---|---|
| જિલ્લા ઓઆઈસી – કયુઈએમ | કંઠ્ય સંગીત ગાયન(SOLO) અને કંઠ્ય સંગીત ગાયન (TEAM) |
| જિલ્લા કો.ઓર્ડિનેટર–સેકન્ડરી એજયુ. | સ્વર વાદ્ય સંગીત વાદન(SOLO) અને તાલ વાદ્ય સંગીત વાદન(SOLO) અને વાદ્ય સંગીત વાદન(TEAM) |
| જિલ્લા ઓઆઈસી આઈઈડી | 1. નૃત્ય(SOLO) અને 2. નૃત્ય(TEAM) |
| જિલ્લા ઓઆઈસી જેન્ડર એજયુકેશન | નાટક (TEAM) અને પરંપરાગત વાર્તા વાંચન(TEAM) |
| જિલ્લા રીસોર્સ પર્સન(એ.એસ) | દ્રશ્ય કલા(SOLO) – 2 D Art અને દ્રશ્ય કલા (SOLO) – 3 D Art અને દ્રશ્ય કલા(TEAM) – (2 D Art 3 D Art) |

**નોંધ : દ્રશ્ય કલા (Visual Arts)સ્પર્ધા બાબતે કલા ઉત્સવની ગાઈડ લાઈન મુજબ ૨ દિવસનો સમયગાળો નકકી કરેલ છે.આ સ્પર્ધામાં જરૂર જણાયે ૩ દિવસ કરી શકાશે.**

**જિલ્લાકક્ષાની સ્પર્ધા, ઝોનકક્ષાની સ્પર્ધા, અને રાજયકક્ષાની સ્પર્ધા માટે નિષ્ણાંત/ જયુરી :**

પ્રત્યેક સ્તરે સ્પર્ધા વાઈઝ ૦૩ તજજ્ઞો/નિષ્ણાંત/જયુરી(જે પૈકી ૧ સભ્ય જે તે જિલ્લાના DIET માંથી રહેશે) નીચે મુજબ રહેશે

| ક્રમ | ઈવેન્ટ કેટેગરી | દરેક સ્તરની સ્પર્ધા માટેનિષ્ણાંત/ જયુરી/નિર્ણાયક સમિતિ (૩ નિષ્ણાંત/ જયુરી રહેશે જે પૈકી ૧ સભ્ય જે તે જિલ્લાના DIET માંથી રહેશે.) |
| --- | --- | --- |
| | **જિલ્લાકક્ષાનો કલા ઉત્સવ : સંભવિત તા.૦૬, ઓગષ્ટ(બુધવાર) થી ૦૭, ઓગષ્ટ (ગુરૂવાર)–૨૦૨૫** | |
| | **ઝોનકક્ષાનો કલા ઉત્સવ : સંભવિત તા.૨૧, ઓગષ્ટ(ગુરૂવાર) થી ૨૨, ઓગષ્ટ(શુક્રવાર)–૨૦૨૫** | |
| | **રાજયકક્ષાનો કલા ઉત્સવ :સંભવિત તા. ૨૪, સપ્ટેમ્બર(બુધવાર) થી ૨૬,સપ્ટેમ્બર(શુક્રવાર)–૨૦૨૫** | |
| 1 | કંઠ્ય સંગીત ગાયન(Solo ) | ૩ નિષ્ણાંત/ જયુરી કે જે કંઠય સંગીતઅંગેનું બહોળુ જ્ઞાન ધરાવતા હોય |
| 2 | કંઠ્ય સંગીત ગાયન (TEAM) | |
| 3 | સ્વર વાદ્ય સંગીત વાદન (Solo) | |
| 4 | તાલ વાદ્ય સંગીત વાદન(Solo) | ૩ નિષ્ણાંત/ જયુરી કે જે વાદ્ય સંગીતઅંગેનું બહોળુ જ્ઞાન ધરાવતાં હોય. |
| 5 | વાદ્ય સંગીત વાદન(TEAM) | |
| 6 | નૃત્ય(Solo ) | ૩ નિષ્ણાંત/ જયુરી કે જે નૃત્ય અંગેનું બહોળુ જ્ઞાન ધરાવતા હોય. |
| 7 | નૃત્ય (TEAM) | |
| 8 | નાટક(TEAM) | ૩ નિષ્ણાંત/ જયુરી કે જે થિયેટર/નાટક અંગેનું બહોળુ જ્ઞાન ધરાવતા હોય. જે પૈકી ૦૧ પરંપરાગત વાર્તા વાંચન અંગેનું બહોળુ જ્ઞાન ધરાવતા હોય. |
| 9 | પરંપરાગત વાર્તા વાંચન(TEAM) | |
| 10 | દ્રશ્ય કલા(SOLO) 2 D Art | ૩ નિષ્ણાંત/ જયુરી, જેમાં ૧ તજજ્ઞ ડ્રોઈંગ, ૧ પેઈન્ટીગ અને ૧ તજજ્ઞ પ્રિન્ટ(છાપકામ), દેશી રમકડાં અથવા રમત/સ્થાનિક શિલ્પ અંગેનું બહોળુ જ્ઞાન ધરાવતા હોય. |
| 11 | દ્રશ્ય કલા(SOLO) 3 D Art | |
| 12 | દ્રશ્ય કલા (TEAM) 2 D Art/3 D Art /દેશી રમકડાં અથવા રમત / સ્થાનિક શિલ્પ | |

**<u>સ્પર્ધાનું સ્વરૂપ :</u>**

**(૧) જિલ્લાની સ્પર્ધા :**

- જિલ્લાકક્ષાની સ્પર્ધા ઓફલાઈન મોડથી યોજવી.
- જિલ્લાકક્ષાની સ્પર્ધા ઉપર દર્શાવેલ ૧ થી ૧૨ શ્રેણીમાં યોજવી. (દરેક શ્રેણીમાંથી કોઈ એક કુમાર અથવા કન્યા અથવા એક ટીમ(કુમાર/કન્યા/મિશ્ર) મુજબ માત્ર એક વિજેતાને આગળના તબકકાની સ્પર્ધામાં ભાગ લેવા મોકલાશે. આમ કુલ ૧૨ શ્રેણી પૈકી દરેક શ્રેણીમાંથી એક માત્ર વિજેતા એકલ અથવા એક ટીમ જે તે શ્રેણીની વિજેતા કુમાર અથવા કન્યા અથવા મિશ્ર હોઈ શકે.)
- જિલ્લાકક્ષાની સ્પર્ધા (સંભવિત) તા.૦૬, ઓગષ્ટ(બુધવાર) થી ૦૭,ઓગષ્ટ–૨૦૨૪(ગુરુવાર)દરમ્યાન જિલ્લાકક્ષાએ યોજવી. જેમાં ૧ દિવસમાં ૩–૪ સ્પર્ધા શકય હોય તો યોજી શકાય. અથવા અલગ અલગ ઈન્વેન્ટ માટે બે સેશનમાં પણ યોજી શકાય.તે અંગેની શકયતા નોડલ ઓફિસરે ચકાસીને જિલ્લા કક્ષાની સ્પર્ધા માટેની સમિતિના સભ્યોની સલાહ–પરામર્શનમાં ગોઠવવી.
- જિલ્લા કક્ષાની તમામ સ્પર્ધાઓ માટે જિલ્લાના તમામ બ્લોકમાંથી તમામ પ્રકારની શાળાઓ, તમામ પ્રકારના બાળકો જેમાં કુમાર અને કન્યાની ભાગીદારી સપ્રમાણ બને તે મુજબ તમામ ૧૨ સ્પર્ધામાં એન્ટ્રી તા.૩૧/૦૭/૨૦૨૫ સુધીમાં મંગાવવી. જેમાં તમામ કેટેગરીમાંથી એન્ટ્રી આવે તેવા પ્રયત્ન કરવા.
- જિલ્લા કક્ષાની તમામ સ્પર્ધાઓ માટે તા.૩૧/૦૭/૨૦૨૫ સુધી આવેલ એન્ટ્રી જિલ્લાકક્ષાએ મળે તેની ચકાસણી કલા ઉત્સવની ગાઈન આધારે માન્ય કરવા અંગેની કાર્યવાહી જિલ્લાના જે તે સ્પર્ધાની ચકાસણીની કામગીરી સોંપેલ ઓઆઈસીએ કરવી.

- તમામ સ્તરની એન્ટ્રીની ચકાસણી તથા અન્ય ટેકનીકલ સહયોગ બાબતે જિલ્લા એમઆઈએસ અને બ્લોક એમઆઈએસનો ટેકલીનલ સહયોગ મેળવીને કામગીરી કરવી.
- જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે માન્ય એન્ટ્રીના સ્પર્ધકને તેમની સ્પર્ધા માટે ફાળવેલ તારીખ, સમય અને સ્થળે આપેલ સમય કરતાં એક કલાક પહેલા જરૂરી સાધન–સામગ્રી સાથે પહોંચવા બીઆરસી/સીઆરસી અને શાળા મારફતે તા.૦૨/૦૮/૨૦૨૫ સુધીમાં જાણ કરવી. જિલ્લા કક્ષાની સ્પર્ધા સમયમર્યાદામાં પૂર્ણ કરવી.
- જિલ્લા કક્ષાની આયોજિત ૧૨ શ્રેણીની સ્પર્ધામાં દરેક શ્રેણીમાં પ્રથમ ક્રમે આવનાર સ્પર્ધક/ટીમને ઝોનકક્ષાની સ્પર્ધા માટે પસંદગી કરવી.
- જિલ્લા કક્ષાએ યોજાયેલ તમામ વિભાગની સ્પર્ધાદીઠ ૩ નિર્ણાયક હોવા જરૂરી છે.
- જિલ્લા કક્ષાની તમામ સ્પર્ધાઓ તા.૦૭/૦૮/૨૦૨૫(સંભવિત)સુધીમાં પૂર્ણ કરી તેનું પરિણામ જાહેર કરી ઝોનમાં ભાગ લેવા અંગેની જાણ જે તે વિજેતા તથા તેની શાળાને કરવી તથા જિલ્લાએ આ માહિતી સંબંધિત ઝોનના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને અને સ્ટેટ પ્રોજેકટ કચેરી, સમગ્ર શિક્ષા, સેકટર–૧૯, ગાંધીનગરને ઈ–મેઈલ qem-gcsess@gujarat.gov.in પર તા.૧૧/૦૮/૨૦૨૫ સુધીમાં મોકલી આપવાનું રહેશે. તેમજ સ્ટેટ પ્રોજેકટ કચેરી, સમગ્ર શિક્ષા કચેરીને સ્પર્ધાના હિસાબોનું માત્ર એકંદર પત્રક મોકલી આપવાનું રહેશે તથા બચત રકમ પરત જિલ્લાકક્ષાએ જમા લેવાની રહેશે. અસલ ફાઈલ જિલ્લા કક્ષાએ જમા રાખીને, જે તે સમયે ઓડીટ કરાવવાનું રહેશે.

**(૨) ઝોનકક્ષાની સ્પર્ધા :**

- ઝોન કક્ષાની સ્પર્ધાઓ તા.૨૧, ઓગષ્ટ(ગુરૂવાર) થી ૨૨, ઓગષ્ટ (શુક્રવાર)–૨૦૨૫ દરમ્યાન (સંભવિત) જે તે ઝોનમાં યોજવાની છે. જે ઓફલાઈન મોડથી રહેશે.
- ઝોન કક્ષાના કન્વીનરશ્રીએ ઝોન કક્ષાની સ્પર્ધા માટે સ્થળ પસંદગી કરીને તા.૧૪/૦૮/૨૦૨૫ સુધીમાં રાજયકક્ષાએ જાણ કરવાની રહેશે.
- ઝોન કક્ષાએ દરેક વિભાગની તમામ સ્પર્ધાદીઠ ઓછામાં ઓછા ૩ નિર્ણાયક હોવા જરૂરી છે. જે અન્વયે નિર્ણાયકોની પસંદગી કરી તેની જાણ તા.૧૪/૦૮/૨૦૨૫ સુધીમાં રાજયકક્ષાએ મોકલવાની રહેશે.
- ઝોન કક્ષાના કન્વીનરશ્રીએ સહ કન્વીનર જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાંથી ઝોન કક્ષાની સ્પર્ધા માટે જરૂર જણાયે સહયોગ મેળવી શકશે.
- ઝોન કક્ષાની સ્પર્ધા માટે દર્શાવેલ તારીખોમાં તમામ ઝોન કક્ષાની સ્પર્ધાઓ પૂર્ણ કરી તેનું પરિણામ જાહેર કરી રાજયમાં ભાગ લેવા અંગેની જાણ જે તે વિજેતા તથા તેની શાળાને કરવી.
- ઝોનકક્ષા કલા ઉત્સવ જિલ્લાએ આ માહિતી રાજયકક્ષાએ તથા રાજયકક્ષાના કલા ઉત્સવ આયોજિત કરનાર ગાંધીનગર(જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી)જિલ્લાને વિજેતા થયેલ સ્પર્ધક/ટીમની યાદી તા.૨૫/૦૮/૨૦૨૫ સુધીમાં મોકલવાની રહેશે.

**(૩) રાજય કક્ષાની સ્પર્ધા :**

- ઝોન કક્ષાએથી તમામ ૧૨ શ્રેણીમાંથી પ્રથમ પસંદગી પામેલ વિજેતાઓ માટે રાજય કક્ષાની સ્પર્ધા તા.૨૪,સપ્ટેમ્બર(બુધવાર) થી ૨૬,સપ્ટેમ્બર(શુક્રવાર)–૨૦૨૫ દરમ્યાન (સંભવિત)યોજવામાં આવશે. જે અન્વયે સ્થળની જાણ અત્રેથી કરવામાં આવશે.
- રાજય કક્ષાની સ્પર્ધા માટે દર્શાવેલ તારીખોમાં રાજય કક્ષાની તમામ સ્પર્ધાઓ પૂર્ણ કરી વિજેતા થયેલ સ્પર્ધકોની જાણ જે તે દિવસે કરવાની રહેશે તેમજ વિજેતા સ્પર્ધક/ટીમની યાદી તૈયાર કરી જિલ્લા મારફતે જે તે શાળાને કરવી.
- નેશનલ કક્ષાના કલા–ઉત્સવ માટે તૈયાર કરી તેની એન્ટ્રી એનસીઈઆરટીને નિયત સમયગાળા મોકલી આપવી. જે તારીખ એનસીઈઆરટી તરફથી આવેથી જાણ કરવામાં આવશે.

**(૪) રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા :**

- આ સ્પર્ધાના આયોજન અંગેની તારીખ, સ્થળ અંગેની જાણ ન્યુ દિલ્લી કક્ષાએથી થયેથી સંબંધિતને જાણ કરવામાં આવશે. જે અન્વયે રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા માટે પસંદ થનાર સ્પર્ધકો તથા એસ્કોર્ટ માટે નિયત કરેલ રેલ્વે શ્રેણી/વર્ગ માટેનું રેલ્વે આક્ષરણ અથવા અન્ય વ્યવસ્થા NCERT ની સૂચના મુજબ કરવામાં આવશે.

- નેશનલ લેવલની સ્પર્ધા માટે એનસીઈઆરટી, ન્યુ દિલ્લીની વેબસાઈટ પર સમયાંતરે આ બાબતે અપડેટ મૂકવામાં આવે છે તો તે વેબસાઈટ જોતાં રહેવુ.

ઉકત બાબતોને આધારે કલા ઉત્સવ વર્ષ–૨૦૨૫–૨૬ના આયોજન સંદર્ભે જિલ્લા, ઝોન અને રાજયકક્ષાની સ્પર્ધા આયોજન માટેની સમગ્ર માર્ગદર્શક સુચનાઓ તે અંગેની ગાઈડ લાઈન આધારે તૈયાર કરેલ છે. જે સામેલ છે.

કલા ઉત્સવ–૨૦૨૫–૨૬ના આયોજન, માર્ગદર્શન અને સંકલન માટે જરૂરી માહિતી હેતુ અત્રેની કચેરીના નીચેના કર્મચારીઓનો જરૂર જણાયે સંપર્ક કરી શકાશે.

(૧) શ્રી જશુભાઈ એસ. પરમાર,કન્વીનર કલા ઉત્સવ, નં–95120 04945

(૨)શ્રી ભરતસિંહ ડી.વાઘેલા,સહ કન્વીનર કલા ઉત્સવ, નં–98795 03835

**ખાસ નોંધ :** ગુજરાતી માર્ગદર્શિકા સરળતા ખાતર આપવામાં આવેલ છે. કોઈપણ તબકકે આવશ્યક/અંતિમ નિર્ણય માટે NCERT ધ્વારા આપવામાં આવેલ માર્ગદર્શિકા/ગાઈડલાઈન (હિન્દી અને અંગ્રેજી) ધ્યાને લેવાની રહેશે. આ ગાઈડ લાઈન NCERT ની વેબસાઈટ https://www.kalautsav.ncert.gov.in/ પર ઉપલબ્ધ છે.

(શિલ્પા પટેલ)
સચિવ
એસપીઓ, સમગ્ર શિક્ષા,
ગાંધીનગર

**બિડાણ :** (૧) કલા ઉત્સવ–૨૦૨૫–૨૬ ગાઈડલાઈન
(૨) એનેક્ષર–૧ : સ્પર્ધાની વિગતો અને સમયપત્રક
(૩) એનેક્ષર–૨ : કલા ઉત્સવના આયોજન અંગેની સામાન્ય સૂચનાઓ

**નકલ સવિનય રવાના જાણ અર્થે :**

(૧) માન.અગ્ર સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ),શિક્ષણ વિભાગ, ગાંધીનગર
(૨) માન.એસપીડીશ્રી, સદર કચેરી.
(૩) માન.એએસપીડીશ્રી, સદર કચેરી.
(૪) માન.નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર–૧૯, ગાંધીનગર
(૫) માન.નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર,સેકટર–૧૯, ગાંધીનગર
(૬) માન.નિયામકશ્રી, જીસીઈઆરટી, સેકટર–૧૨, ગાંધીનગર

**નકલ જયભારત સહ રવાના જાણ અર્થે :**

- શાખાધિકારીશ્રી અને ઓઆઈસી–તમામ, આ કચેરી.

## એનેક્ષર–(૧) સ્પર્ધાની વિગતો અને સમયપત્રક

| ક્રમ | ઈવેન્ટ કેટેગરી | દરેક સ્તરની સ્પર્ધા માટેનિષ્ણાંત/ જયુરી/નિર્ણાયક સમિતિ (૩ નિષ્ણાંત/ જયુરી રહેશે જે પૈકી ૧ સભ્ય જે તે જિલ્લાના DIET માંથી રહેશે.) |
|---|---|---|
| | જિલ્લાકક્ષાનો કલા ઉત્સવ : સંભવિત તા.૦૬, ઓગષ્ટ(બુધવાર) થી ૦૭, ઓગષ્ટ (ગુરૂવાર)–૨૦૨૫ | |
| | ઝોનકક્ષાનો કલા ઉત્સવ : સંભવિત તા.૨૧, ઓગષ્ટ(ગુરૂવાર) થી ૨૨, ઓગષ્ટ(શુક્રવાર)–૨૦૨૫ | |
| | રાજયકક્ષાનો કલા ઉત્સવ :સંભવિત તા. ૨૪, સપ્ટેમ્બર(બુધવાર) થી ૨૬,સપ્ટેમ્બર(શુક્રવાર)–૨૦૨૫ | |
| 1 | કંઠ્ય સંગીત ગાયન(Solo ) | ૩ નિષ્ણાંત/ જયુરી કે જે કંઠય સંગીત અંગેનું બહોળુ જ્ઞાન ધરાવતા હોય |
| 2 | કંઠ્ય સંગીત ગાયન (TEAM) | |
| 3 | સ્વર વાદ્ય સંગીત વાદન (Solo) | |
| 4 | તાલ વાદ્ય સંગીત વાદન(Solo) | ૩ નિષ્ણાંત/ જયુરી કે જે વાદ્ય સંગીત અંગેનું બહોળુ જ્ઞાન ધરાવતા હોય. |
| 5 | વાદ્ય સંગીત વાદન(TEAM) | |
| 6 | નૃત્ય(Solo ) | ૩ નિષ્ણાંત/ જયુરી કે જે નૃત્ય અંગેનું બહોળુ જ્ઞાન ધરાવતા હોય. |
| 7 | નૃત્ય (TEAM) | |
| 8 | નાટક(TEAM) | ૩ નિષ્ણાંત/ જયુરી કે જે થિયેટર/નાટક અંગેનું બહોળુ જ્ઞાન ધરાવતા હોય. જે પૈકી ૦૧ પરંપરાગત વાર્તા વાંચન અંગેનું બહોળુ જ્ઞાન ધરાવતા હોય. |
| 9 | પરંપરાગત વાર્તા વાંચન(TEAM) | |
| 10 | દ્રશ્ય કલા(SOLO) 2 D Art | ૩ નિષ્ણાંત/ જયુરી, જેમાં ૧ તજજ્ઞ ડ્રોંઈગ, ૧ પેઈન્ટીગ અને ૧ તજજ્ઞ પ્રિન્ટ(છાપકામ), દેશી રમકડાં અથવા રમત/સ્થાનિક શિલ્પ અંગેનું બહોળુ જ્ઞાન ધરાવતા હોય. |
| 11 | દ્રશ્ય કલા(SOLO) 3 D Art | |
| 12 | દ્રશ્ય કલા (TEAM) 2 D Art/3 D Art / દેશી રમકડાં અથવા રમત / સ્થાનિક શિલ્પ | |

નોંધ : દ્રશ્ય કલા (Visual Arts)સ્પર્ધા બાબતે કલા ઉત્સવની ગાઈડ લાઈન મુજબ ૨ દિવસનો સમયગાળો નકકી કરેલ છે.આ સ્પર્ધામાં જરૂર જણાયે ૩ દિવસ કરી શકાશે.

# એનેક્ષર-(૨) કલા ઉત્સવના આયોજન અંગેની સામાન્ય સૂચનાઓ

કલા ઉત્સવની સામાન્ય સૂચનાઓ અને ગાઇડ લાઇન નીચે મુજબ જિલ્લા, ઝોન અને રાજય કક્ષાએ આયોજન કરવું.

➢ **સ્પર્ધા (ઇવેન્ટ)માટેની સામાન્ય સૂચનાઓ/ગાઇડલાઇન :**

## 1. સંગીત (ગાયન) — Vocal Music

**1.1 સંગીત (ગાયન) એકલ**(SOLO) :

- શાસ્ત્રીય/અર્ધ શાસ્ત્રીય (Classical/Semi Classical)

**1.2 સંગીત (ગાયન) સમૂહ** (TEAM) :

- લોકગીત /ભક્તિગીત /દેશભક્તિગીત /સુગમ સંગીત(Folk group/Devotional group/Patriotic group//Light Music) (સમૂહમાં મહત્તમ ૪ સ્પર્ધકો)

સામાન્ય સૂચનાઓ:

✓ પ્રસ્તુતિ માટે સમયમર્યાદા: **૪ થી ૬ મિનિટ**
✓ વેશભૂષા અને મંચ સજાવટ પ્રસ્તુતિ અનુરૂપ હોવી જોઇએ
✓ વ્યવસાયિક સંગીત જગત ગીતોનો પ્રયોગ નિષેધ છે.

મૂલ્યાંકન પત્રક — સંગીત (ગાયન)

| સ્વર (સુર) | લય | શૈલીની પ્રામાણિકતા | પ્રસ્તુતિ ટેકનીક | લેખન/વિડિયો | **કુલ ગુણ** |
|---|---|---|---|---|---|
| 20 ગુણ | 20 ગુણ | 20 ગુણ | 20 ગુણ | 20 ગુણ | **100 ગુણ** |

## 2. વાદ્ય સંગીત (Instrumental Music) —

**2.1 વાદ્ય સંગીત (એકલ - સ્વર વાદ્ય)**

- શાસ્ત્રીય/અર્ધ શાસ્ત્રીય (તંતુ/હવા દ્વારા સ્વર વાદ્)(Classical/Semi Classical String/Wind (Melodic Instrument)

**2.2 વાદ્ય સંગીત (એકલ - તાલ વાદ્ય)**

- શાસ્ત્રીય/અર્ધ શાસ્ત્રીય (Classical/Semi Classical

**2.3 વાદ્ય સંગીત (સમૂહ - વાદ્ય વૃંદ)** (TEAM) :

- લોકસંગીત/શાસ્ત્રીય(Folk/Classical) (મહત્તમ ૪ સ્પર્ધકો)

સામાન્ય સૂચનાઓ:

✓ **તાલ વાદ્ય:**

- ભારતીય પરંપરાગત વાદ્યો જેમ કે મૃદંગમ, એડક્કા, તબલા, ઢોલ, ખોલ, પખાવજ વગેરેનો સમાવેશ થાય છે.

✓ **સ્વર વાદ્ય:**

- વાદ્યો જેમ કે વાયોલિન, સતાર, બાંસરી, સરોદ, વીણા, શહનાઇ, સંતૂર વગેરેનો સમાવેશ થાય છે.

- ✓ પ્રસ્તુતિ માટે સમયમર્યાદા: **૪ થી ૬ મિનિટ**
- ✓ વેશભૂષા સજાવટ અને મંચ વ્યવસ્થા વિષય અનુસાર હોવી જોઇએ
- ✓ માત્ર સ્વદેશી સંગીતના સાધનોને અનુમતિ છે.
- ✓ ઇલેક્ટ્રોનિક કે પ્રોગ્રામ કરેલા સંગીતના સાધનોનો ઉપયોગ માટે મંજુરી આપવામાં આવશે નહિ.

## મૂલ્યાંકન પત્રક — વાદ્ય સંગીત

| સ્વર (સુર) | લય | શૈલીની પ્રામાણિકતા | પ્રસ્તુતિ ટેકનીક | લેખન/વિડિયો | **કુલ ગુણ** |
|---|---|---|---|---|---|
| 20 ગુણ | 20 ગુણ | 20 ગુણ | 20 ગુણ | 20 ગુણ | **100 ગુણ** |

# 3. નૃત્ય (Dance) —

3.1 **નૃત્ય (એકલ)** (SOLO)

- શાસ્ત્રીય(Classical) (SOLO)

3.2 **નૃત્ય (સમૂહ)** (TEAM) :

- લોકનૃત્ય (પ્રાંતીય/પરંપરાગત)
- સમકાલીન સમૂહ નૃત્ય (બિન ફિલ્મી)
  (સમૂહ માટે મહત્તમ ૪ સ્પર્ધકો)

## સામાન્ય સૂચનાઓ:

✓ **શાસ્ત્રીય નૃત્ય શૈલીઓ:**

- ભરતનાટ્યમ
- કથક
- સત્રીયા
- કુચિપુડી
- ઓડિસી
- મણિપુરી
- મોહિનિયાટ્ટમ
- કથકલિ

✓ લોકનૃત્ય **(પ્રાંતીય/પરંપરાગત):**

- સ્પર્ધકો પોતાના રાજ્ય અથવા પ્રદેશના પરંપરાગત લોકનૃત્ય રજૂ કરી શકે છે

✓ **સમકાલીન સમૂહ નૃત્ય**(ગૈર-ફોક) :

- આધુનિક/સામયિક વિષય સાથે આધારિત, પરંતુ બિન ફિલ્મી હોવું જોઇએ

- ✓ પ્રસ્તુતિ માટે સમયમર્યાદા: **૪ થી ૬ મિનિટ**
- ✓ પ્રસ્તુતિ માટે સમયમર્યાદા: ૪ થી ૬ મિનિટ
- ✓ પ્રસ્તુતિ માટે રેકોર્ડેડ સંગીત કે ટીમના અન્ય સહભાગીનો પ્રસ્તુતિ માટે સહયોગ લઇ શકશે.
- ✓ સંગીત માટે રેકોર્ડેડ સંગીત કે ટીમના અન્ય સહભાગીનો પ્રસ્તુતિ માટે સહયોગ લઇ શકશે.
- ✓ વેશભૂષા સજાવટ અને મેકઅપ સરળ, પ્રમાણભૂત અને વિષય સાથે જોડાયેલી હોવી જોઇએ
- ✓ ભાગ લેનાર ટીમ દ્વારા સરળ અને ઓછામાં ઓછી મંચ સામગ્રી અને પોશાકની વ્યવસ્થા રાખવી

## મૂલ્યાંકન પત્રક — નૃત્ય

| શૈલીની પ્રમાણિકતા | નવીનતા અને નવાચાર | વેશભૂષા | પ્રસ્તુતિ/ ટેકનીક | સંગીત | લેખન/ વિડિયો | **કુલ ગુણ** |
|---|---|---|---|---|---|---|
| 20 ગુણ | 20 ગુણ | 10 ગુણ | 20 ગુણ | 10 ગુણ | 20 ગુણ | **100 ગુણ** |

## 4. નાટક (Theatre) (TEAM) :

- લઘુ નાટિકા
- રોલ પ્લે
- મિમિક્રી
- માઇમ

(સમૂહ માટે મહત્તમ ૪ સ્પર્ધકો)

### સામાન્ય સૂચનાઓ:

✓ નાટક આધુનિક રંગમંચ શૈલીમાં હોઈ શકે છે, જેમાં રાજ્ય અથવા પ્રદેશના પ્રખ્યાત વ્યક્તિ, સમાજ સુધારક, કલાકાર, લેખક, કવિ, વૈજ્ઞાનિક અથવા સ્વાતંત્ર્ય સેનાનીઓના જીવન પર આધારિત વિષય હોઈ શકે છે.

✓ પ્રસ્તુતિ માટે સમયમર્યાદા: **૬ થી ૮ મિનિટ**

✓ દરેક ટીમને મંચ સજાવટ માટે **૫ મિનિટ** અને મંચ ખાલી કરવા માટે **૫ મિનિટ** વધારાનો સમય મળશે.

✓ નાટકની ભાષા: રાજ્ય અથવા પ્રદેશની કોઇ પણ ભાષા કે બોલી હોઈ શકે છે. (પરંતુ હિંદી અથવા અંગ્રેજી ભાષામાં સંક્ષિપ્ત સમજાવટ અવશ્ય આપવી પડશે.)

✓ મંચ વ્યવસ્થા, મંચ સામગ્રી વગેરે ટીમ દ્વારા જ કરવાની રહેશે.

✓ પાર્શ્વ સંગીત માટે ટ્રેક અથવા રેકોર્ડ કરેલું સંગીત વાપરી શકાય છે.

મૂલ્યાંકન પત્રક — નાટક (Theatre)

| વિષયવસ્તુ | સંચાર કૌશલ્ય/ અભિવ્યક્તિ | મંચ વ્યવસ્થા અને ડિઝાઇન | વેશભૂષા અને શૃંગાર | પ્રસ્તુતિ / રજૂઆત | લેખન/ વિડિયો | **કુલ ગુણ** |
|---|---|---|---|---|---|---|
| 10 ગુણ | 20 ગુણ | 15 ગુણ | 15 ગુણ | 20 ગુણ | 20 ગુણ | **100 ગુણ** |

## 5. દૃશ્ય કલા (Visual Arts) —

5.1 **દૃશ્ય કલા (solo એકલ – 2 D)** 2 D Art

- (ચિત્રકલા, રેખાચિત્ર, છાપકામ , વ્યંગચિત્ર)

5.2 **દૃશ્ય કલા (solo)** 3 D Art

- મૂર્તિકલા

5.3 **દૃશ્ય કલા** (TEAM) : 2 D Art/3 D Art

- દેશી રમકડાં અથવા રમત/સ્થાનિક શિલ્પ (સમૂહ માટે મહત્તમ ૨ સ્પર્ધકો)

### સામાન્ય સૂચનાઓ:

✓ દૃશ્ય કલા સ્પર્ધાઓ માટે જરૂરિયાત મુજબ ત્રણ દિવસ સુધી યોજી શકાશે.

✓ સ્પર્ધા દરમિયાન સ્પર્ધકોને સ્થળ પર જ પોતાની કૃતિ સંપૂર્ણ રીતે બનાવવી ફરજિયાત છે.

✓ પહેલેથી બનાવી આવેલી કૃતિઓ માન્ય રહેશે નહીં.

✓ 2 D Art કાર્યનું કદ ૨×3 ફૂટ કરતાં વધુ નહીં હોવું જોઇએ.

✓ 3 D Art કાર્યનું કદ ૨×૨×૨ ફૂટ કરતાં વધુ નહીં હોવું જોઇએ.

✓ સ્વદેશી (દેશી રમકડાંની મહત્તમ સંખ્યા ૪ હોવી જોઇએ.

✓ સામગ્રી અને માધ્યમ પસંદગી સ્પર્ધકની પસંદ પર આધારિત રહેશે.

- ✓ તમામ સામગ્રી પર્યાવરણમૈત્રીપૂર્ણ અને બાયોડિગ્રેડેબલ હોવી જોઇએ.
- ✓ સ્વદેશી દેશી રમકડાં માટે રચનાત્મકતા, નવીનતા અને યોગ્ય ડિઝાઇનની સ્પર્ધક પાસે અપેક્ષા રાખવામાં આવે છે.
- ✓ સ્પર્ધકોને નિર્માણની પ્રક્રિયા દરમિયાન જ્યુરી સમક્ષ વાતચીત/રજૂઆત માટે હાજર રહેવું ફરજિયાત છે.
- ✓ દરેક સ્પર્ધક માટે ૬×૪ ફૂટ જગ્યા ઉપલબ્ધ કરાવવામાં આવશે.

### મૂલ્યાંકન પત્રક — દૃશ્ય કલા (Visual Arts)

| રચના અને શૈલી | મૌલિકતા | ટેકનીક | પ્રસ્તુતિ / કથન | લેખન/ વિડિયો | **કુલ ગુણ** |
|---|---|---|---|---|---|
| 20 ગુણ | 20 ગુણ | 20 ગુણ | 20 ગુણ | 20 ગુણ | **100 ગુણ** |

## 6. પરંપરાગત વાર્તા વાચન (Traditional Storytelling) —

સ્પર્ધકો વાર્તા વાચન સાથે અન્ય કોઇ એક કે તેથી વધુ કલા સ્વરૂપો જેમ કે નૃત્ય, સંગીત, દૃશ્ય કલા અથવા નાટકનું સંકલન કરી શકે છે.

વાર્તા વાચન દેશની કોઈપણ પરંપરાગત વાર્તા વાચન શૈલી પર આધારિત હોઈ શકે છે.

### સામાન્ય સૂચનાઓ:

- ✓ દરેક ટીમમાં ૨ વિદ્યાર્થીઓ ભાગ લઇ શકે છે.
- ✓ વેદી સજાવટ, મેકઅપ, મંચ વ્યવસ્થા અને સંગીત સ્પર્ધકોની પસંદ મુજબ હોઇ શકે છે.
- ✓ પ્રસ્તુતિ માટે સમયમર્યાદા: **અધિકતમ ૫ મિનિટ**
- ✓ ભાષા: પ્રસ્તુતિ કોઈપણ ભાષા કે બોલીમાં હોઈ શકે છે.
- ✓ ટૂંકા સમયમાં એક જ ટીમના કલાકારો સંગત માટે મદદરૂપ બની શકે છે.

### મૂલ્યાંકન પત્રક — પરંપરાગત વાર્તા વાચન (Traditional Storytelling)

| વિષયવસ્તુ | સંચાર કૌશલ્ય/ અભિવ્યક્તિ | મંચ વ્યવસ્થા અને ડિઝાઇન | વેશભૂષા અને શૃંગાર | પ્રસ્તુતિ / રજૂઆત | લેખન/ વિડિયો | **કુલ ગુણ** |
|---|---|---|---|---|---|---|
| 20 ગુણ | 20 ગુણ | 10 ગુણ | 10 ગુણ | 20 ગુણ | 20 ગુણ | **100 ગુણ** |

**ખાસ નોંધ :** ઉપરોકત ગુજરાતી માર્ગદર્શિકા સરળતા ખાતર આપવામાં આવેલ છે. કોઈપણ તબક્કે આવશ્યક/અંતિમ નિર્ણય માટે NCERT ધ્વારા આપવામાં આવેલ માર્ગદર્શિકા/ગાઈડલાઈન (હિન્દી અને અંગ્રેજી) ધ્યાને લેવાની રહેશે. જે NCERT ની વેબસાઈટ www.kalautsav.in પર ઉપલબ્ધ છે.